# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

*****************************************************

1) આસામ, કેરલમ અને પુડુચેરી વિધાનસભા ચુંટણીના પ્રચાર પડઘમ શાંત થયા - આવતીકાલે મતદાન યોજાશે.

2) ઈરાનમાં રહેલા ભારતીય નાગરિકોને બિન જરૂરી અવર જવર ટાળવા વિદેશ મંત્રાલયની સલાહ – હેલ્પલાઈન નંબર જાહેર.

3) ઈરાન હોર્મુઝ સામુદ્રધુની જહાજો માટે ખોલશે તો ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા અને ઈરાન વચ્ચે બે અઠવાડિયાના યુદ્ધવિરામ માટે સંમત થશે.

4) RBI આજે તેનું દ્વિમાસિક નાણાકીય નીતિ નિવેદન જાહેર કરશે

5) IPL ક્રિકેટમાં, આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# ELECTION OVER ALL

આસામ, કેરલમ અને પુડુચેરી વિધાનસભા ચુંટણી માટેના પ્રચાર પડઘમ ગઈકાલે શાંત થયા. વિવિધ રાજકીય પક્ષોના ટોચના નેતાઓએ મતદારોને રિઝવવા માટેના નક્કર પ્રયાસ હાથ ધર્યા.

આસમની 126, કેરલમની 140 અને પુડુચેરીની 30 બેઠક માટે આવતીકાલે એક જ ચરણમાં મતદાન યોજાશે. તો તમિલનાડુની તમામ 234 બેઠક પર અને પશ્ચિમ બંગાળની પહેલા તબક્કાની 152 બેઠક પર આગામી 23 તારીખે મતદાન યોજાશે. જોકે પશ્ચિમ બંગાળમાં 142 બેઠક પર બીજા તબક્કાનું મતદાન આગામી 29 તારીખે યોજાશે. 4 રાજ્ય અને એક કેન્દ્ર શાસિત પ્રદેશ માટે મત ગણતરી આગામી 4-મે એ થશે.

# ECI - POLL AGENTS

ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી કે આગામી વિધાનસભા ચૂંટણી 2026 માટે મતદાન એજન્ટોની બેઠક વ્યવસ્થા અંગે કોઈ નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી નથી. ચૂંટણી પંચે મીડિયાના એક વર્ગ દ્વારા ફેલાવવામાં આવી રહેલા કેટલાક સંદેશાઓની નોંધ લીધી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે મતદાનના દિવસે વિવિધ રાજકીય પક્ષોના મતદાન એજન્ટોને મતદાન મથકોની અંદર બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાન એજન્ટો સંબંધિત તમામ હાલની માર્ગદર્શિકા કોઈપણ ફેરફાર વિના અમલમાં રહેશે.

# MISRI AMERICAN JOURNEY

વિદેશ સચિવ વિક્રમ મિશ્રી આજે અમેરિકાના ત્રણ દિવસના પ્રવાસે વોશિંગ્ટન ડીસી પહોંચશે. આ મુલાકાત દરમિયાન તેઓ વેપાર, સંરક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ પરસ્પર હિતના મુદ્દાઓ સહિત અનેક મહત્વપૂર્ણ વિષયો પર વરિષ્ઠ અમેરિકાના અધિકારીઓ સાથે ચર્ચા કરશે. વિદેશ સચિવ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ ચર્ચા કરશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે આ મુલાકાત ભારત-અમેરિકા દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરવાની અને મુખ્ય ક્ષેત્રોમાં ચાલુ સહયોગને આગળ વધારવાની તક પૂરી પાડશે.

# JAISHANKAR-RAHMAN

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર આજે બપોરે નવી દિલ્હીમાં બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલીલુર રહેમાન સાથે મુલાકાત કરશે. શ્રી રહેમાન ગઈકાલે સાંજે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન શ્રી રહેમાન રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીને પણ મળવાની શક્યતા છે.

ફેબ્રુઆરીમાં BNPના નેતૃત્વ હેઠળની સરકારે સત્તા સંભાળ્યા પછી બાંગ્લાદેશના મંત્રી દ્વારા નવી દિલ્હીની આ પહેલી મુલાકાત છે.

# IRAN-ADVISORY

ઈરાનમાં ઝડપથી વિકસતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વિદેશ મંત્રાલયે હાલમાં ઈરાનમાં રહેલા ભારતીય નાગરિકોને અવર જવર તાળવા સલાહ આપી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાનની અંદર અને સરહદ ક્રોસિંગ પર કોઈપણ અવર જવર તેહરાનમાં ભારતીય દૂતાવાસ સાથે સંકલન અને દૂતાવાસ તરફથી સ્પષ્ટ સૂચનાઓ મળ્યા પછી જ થવી જોઈએ.

આ અંગે સાંભળીએ અહેવાલ

**VC- SHAKTISINH**

# TRUMP - IRAN CEASEFIRE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, જો ઈરાન હોર્મુંઝ સામુદ્રધુની દ્વારા જહાજોની અવરજવર ચાલુ રાખવાની મંજૂરી આપે તો તેઓ અમેરિકા અને ઈરાન વચ્ચે બે અઠવાડિયાના પ્રસ્તાવિત યુદ્ધવિરામ માટે સંમત છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે બંને પક્ષોએ "બે-પક્ષીય યુદ્ધવિરામ" માટે સંમત થવું જોઈએ. અગાઉ, ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી હતી કે જો તેહરાન તેમની માંગણીઓ, જેમાં હોર્મુંઝ સામુદ્રધુનીને ફરીથી નહીં ખોલવામાં આવે તો તે ઈરાનના પાવર પ્લાન્ટ અને પુલ જેવા મહત્વપૂર્ણ માળખાને નિશાન બનાવી શકે છે.

બીજી બાજુ, ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ પણ જાહેરાત કરી હતી કે જો ઈરાન સામે હુમલાઓ બંધ કરવામાં આવે તો ઈરાન યુદ્ધવિરામ માટે સંમત થશે. તેમણે જાહેરાત કરી કે બે અઠવાડિયાના સમયગાળા માટે, હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત માર્ગ શક્ય બનશે.

દરમિયાન, બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત બાદ વૈશ્વિક તેલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. બ્રેન્ટ ક્રૂડ તેલ 5.8 ટકા ઘટીને 103.42 અમેરીકન ડોલર પ્રતિ બેરલ આસપાસ પહોંચી ગયું છે. અમેરીકાના બજારમાં વેચાતા તેલની કિંમત લગભગ સાડા આઠ ટકા ઘટીને લગભગ 103.25 અમેરીકન ડોલર પર છે.

આ અંગે સાંભળીએ અહેવાલ..

**VC-ANAND PATHAK**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# UNSC-VETO

રશિયા અને ચીને હોર્મુંઝ સામુદ્રધુનીને ફરીથી ખોલવા અંગેના યુએન સુરક્ષા પરિષદના ઠરાવને વીટો કર્યો છે. હોર્મુંઝ સામુદ્રધુની એક મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે જેના દ્વારા વિશ્વનું પાંચમા ભાગનું તેલ પસાર થાય છે.

15 દેશોની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે બહેરીન દ્વારા પ્રસ્તાવિત ઠરાવ પર મતદાન કર્યું, જેને 11 મત મળ્યા, બે મત વિરુદ્ધ અને બે મત ગેરહાજર રહ્યા. વીટો પાવર ધરાવતા કાયમી સભ્યો રશિયા અને ચીને ઠરાવની વિરુદ્ધ મતદાન કર્યું હોવાથી ઠરાવ અમલમાં આવી શક્યો નથી.

# RBI - MONETARY POLICY

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) આજે તેનું દ્વિમાસિક નાણાકીય નીતિ નિવેદન જાહેર કરશે. RBI ગવર્નર સંજય મલ્હોત્રા આજે સવારે 10 વાગ્યે નાણાકીય વર્ષ 2026-27ની તેની પ્રથમ બેઠકમાં નાણાકીય નીતિ સમિતિ (MPC) દ્વારા લેવામાં આવેલા નિર્ણયોની જાહેરાત કરશે.

RBI ગવર્નરના નેતૃત્વમાં, છ સભ્યોની MPC સોમવારથી વ્યાજ દરો, ફુગાવાના અંદાજ અને વૃદ્ધિ અંદાજ જેવા મુખ્ય પાસાઓ પર ચર્ચા કરી રહી છે. નિષ્ણાતોના મતે, RBI એપ્રિલની નાણાકીય નીતિ સમીક્ષા બેઠકમાં બેન્ચમાર્ક પોલિસી રેપો રેટ 5.25 ટકા પર યથાવત રાખે તેવી શક્યતા છે, કારણ કે પશ્ચિમ એશિયાના સંકટને કારણે ફુગાવો વધવાની શક્યતા છે.

## IPL

IPL ક્રિકેટમાં, આજે દિલ્હી કેપિટલ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે. આ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઇકાલે રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને 27 રનથી હરાવ્યું. ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં વરસાદને કારણે મેચ 11 ઓવરની કરવામાં આવી હતી. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને 3 વિકેટે 150 રન બનાવ્યા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ 9 વિકેટે 123 રન જ બનાવી શક્યું હતું.

રાજસ્થાન તરફથી યશસ્વી જયસ્વાલે માત્ર 32 બોલમાં અણનમ 77 રન, જ્યારે વૈભવ સૂર્યવંશીએ 14 બોલમાં 39 રન બનાવ્યા હતા. જયસ્વાલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

## ISSF - WORLD RECORD

ભારતીય શૂટર્સ પલક ગુલિયા અને મુકેશ નેલાવલ્લીએ સ્પેનના ગ્રેનાડા ખાતે યોજાયેલા ISSF વર્લ્ડ કપમાં 10 મીટર એર પિસ્તોલ મિશ્ર ટીમ સ્પર્ધામાં નવો જુનિયર વિશ્વ રેકોર્ડ બનાવતા સુવર્ણ ચંદ્રક, જ્યારે ચીનની ટીમે 484.8 પોઈન્ટ સાથે રજત ચંદ્રક અને હંગેરીએ 414.9 પોઈન્ટ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

પલક ગુલિયાએ અગાઉ ૨૦૨૩ એશિયન ગેમ્સમાં વ્યક્તિગત સ્પર્ધામાં સુવર્ણ અને ટીમ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોમાં ઈરાન વિરુદ્ધ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન અંગેના સમાચાર હેડલાઇનમાં વાંચવા મળી રહ્યા છે.
- સંદેશનું મુખ્ય શીર્ષક છે – ખર્ગ ટાપુ સહિત ઈરાન પર USના ભીષણ હુમલા
- ગુજરાત સમાચાર લખે છે – ઈરાનને નકશામાથી ભૂસી નાખીશું : ટ્રમ્પ
- નવગુજરાત સમય લખે છે – ઈરાનની સભ્યતાનો સમૂળગો નાશ થઈ જશે: ટ્રમ્પ
- આ ઉપરાંત 5 રાજ્યોમાં પરિણામો બાદ બાકી રહેલા 22 રાજ્યોમાં SIR અભિયાન શરૂ થશે, એર ઈન્ડિયાની ઘરેલુ ઉડાનો 899 રૂપિયા સુધી મોંઘી બની અને ઋષિકેશ – કર્ણપ્રયાગ ટનલ ધસી પડી, નિર્માણ બંધ સહિતના સમાચાર વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- માત્ર 17 ટકા જ ગેસ આપતા મોરબીમાં 2568 માથી 984 ઔધોગિક એકમ બંધ આ સમાચારને દિવ્ય ભાસ્કરે છેલ્લા પાને પ્રકાશિત કર્યા છે.